ઈ રેસીલ

ક્રમાંક: શ/માધ્ય/પરચ/૨૦૨૧/૬૫૧૯૮

કમિશ્નર શાળાઓની કચેરી,
૯/૧,ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા. ૨૫ /03/૨૦૨૧

પ્રતિ.
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીને ૧૨૫ મી જન્મજયંતી વર્ષ નિમિત્તે "મેઘાણી-સાહિત્ય" કોર્નરની સ્થાપના કરવા તેમજ "મેઘાણી સાહિત્ય" પર વિવિધ સ્પર્ધાઓના આયોજન કરવા બાબત

સંદર્ભ : શિ.વિ.ના પત્ર ક્રમાંક: પરચ-૧૨૨૦૨૦-૫૫૮-વ.૨, તા.૨૪/૧૧/૨૦૨૦

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, શ્રી પિનાકી નાનકભાઈ મેઘાણી, ટ્રસ્ટીશ્રી, ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન, અમદાવાદ તરફથી મળેલ રજુઆત અન્વયે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫ મી જન્મજયંતી વર્ષ નિમિત્તે "મેઘાણી-સાહિત્ય" કોર્નરની સ્થાપના કરવા તેમજ "મેઘાણી સાહિત્ય" પર વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવાનું થાય છે. જેના અનુસંધાને રાજ્યની તમામ જિ.શિ.અ.શ્રીની કચેરીઓમાં "મેઘાણી-સાહિત્ય" કોર્નરની સ્થાપના કરવા તેમજ આપના તાબા હેઠળની તમામ શાળાઓમાં "મેઘાણી સાહિત્ય" પર વિવિધ સ્પર્ધાઓ (નિબંધ, વક્તૃત્વ, ચિત્ર સ્પર્ધા વગેરે) નું આયોજન સમયાંતરે કરાવવા તથા કરવામાં આવેલ પ્રવૃત્તિઓનો માસિક અહેવાલ અત્રેની કચેરીને ssmadhyamik3@gmail.com પર મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

(સહી)
મદદનીશ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર

બિડાણ:- સંદર્ભદર્શિત પત્ર

જા.નં. મા-૨/ ૫૯૭૧
તા. ૦૯/૦૪/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર/જિલ્લાની તમામ શાળાઓ તરફ.

૨/- જાણ તથા અમલ થવા સારૂ.

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો સુરત

ક્રમાક-પરચ-૧૨૨૦૨૮
ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા-૨૪/૧૧/૨૦૨૦

કમિશ્નરશ્રી શાળાઓની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
05 DEC 2020
૨૪૯૩૮

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં ૯,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૨) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
(૩) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૪) કમિશ્નરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી,બ્લોક-૨/૬ કર્મયોગી ભવન, સેકટર-૧૦એ, ગાંધીનગર
(૫) નિયામકશ્રી,સર્વ શિક્ષા અભિયાન,ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ,સેકટર નં ૧૭ ગાંધીનગર

વિષયઃ-રાષ્ટ્રીય શાયર ઝવેરચાંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતિ વર્ષ નિમિત્તે " મેઘાણી-સાહિત્ય" કોર્નરની સ્થાપના કરવા તેમજ"મેઘાણી સાહિત્ય" પર વિવિધ સ્પર્ધાઓનાં આયોજન કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વેના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તા.૧૮/૧૧/૨૦૨૦ના પત્ર ક્રમાંક-ઉજવ/૧૦૨૦૧૦/૨૩૦૮/ફ.ની નકલ બિડાણ સહિત આ સાથે સામેલ રાખી મોકલી આપતાં જણાવવાનું કે, શ્રી પિનાકી નાનકભાઇ મેઘાણી, ટ્રસ્ટીશ્રી , ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન, અમદાવાદ તરફથી મળેલ રજુઆત અન્વયે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતી વર્ષ નિમિત્તે " મેઘાણી-સાહિત્ય" કોર્નરની સ્થાપના કરવા તેમજ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ માટે "મેઘાણી સાહિત્ય" પર વિવિધ સ્પર્ધાઓનાં આયોજન કરવા બાબતે જરૂરી નિયમાનુસારની કાર્યવાહી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(આર.જે.દેસાઇ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

બિડાણ- ઉપર મુજબ.

પર

ક્રમાંક : ઉજવ/૧૦૨૦૧૦/૨૩૦૮/ક
રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
બ્લોક નં.૨, ૮મો માળ, સચિવાલય, ગાંધીનગર
ફોન નં-૦૭૯-૨૩૨-૫૧૩૮૭
તા. ૧૮/૧૧/૨૦૨૦

જી-૧૧૩૧

પ્રતિ,

ઉપસચિવશ્રી(સંકલન),
શિક્ષણ વિભાગ,
બ્લોક નં-૫, સાતમો માળ,
સચિવાલય, ગાંધીનગર.

વિષય: રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતી વર્ષ નિમિત્તે "મેઘાણી-સાહિત્ય" કોર્નરની સ્થાપના કરવા તેમજ "મેઘાણી સાહિત્ય" પર વિવિધ સ્પર્ધાઓનાં આયોજન કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષયે જણાવવાનું કે, શ્રી પિનાકી નાનકભાઈ મેઘાણી, ટ્રસ્ટીશ્રી, ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન, અમદાવાદ દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતી વર્ષ નિમિત્તે "મેઘાણી-સાહિત્ય" કોર્નરની સ્થાપના કરવા તેમજ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ માટે "મેઘાણી સાહિત્ય" પર વિવિધ સ્પર્ધાઓનાં આયોજન કરવા બાબતે અત્રે રજૂઆત કરેલ છે. પ્રસ્તુત રજૂઆત આપના વિભાગ સાથે સંબંધિત હોઈ, સદર બાબતે નિયમોનુસાર યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(સહી)

(દિપક પટેલ)
ઉપસચિવ(સાં.પ્ર)
રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

બિડાણ :- ઉપર મુજબ

નકલ રવાના (જાણ સારૂ) :-

૧) શ્રી પિનાકી નાનકભાઈ મેઘાણી, ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન, પાર્થસારથી એવેન્યુ, ૯૦૩, કાન્હા, શ્યામલ ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫

.૨/-

ક. શ. યુ. અને સાં. પ્ર. વિભાગ
આવક નં. : 2807
તારીખ 16/10/20
સહી :

# ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન



14 OCT 2020

OSD to CM
(1)
Hon'ble CM
ACS (SYCAD)

જન્મ : 28 ઓગસ્ટ 1896, ચોટીલા • નિધન : 9 માર્ચ 1947, બોટાદ

www.jhaverchandmeghani.com

ઝમે/2020-21/031

07 ઓક્ટોબર 2020

S-0/A

આદરણીય શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ
to C.M.
મુખ્ય મંત્રીશ્રી
ગુજરાત રાજ્ય

ACS (SYCAD)
No. : 1055
Date : 17-10-2020

<u>રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના 125મી જન્મજયંતી વર્ષની સમસ્ત ગુજરાતમાં વિશિષ્ટ ઉજવણી માટે નમ્ર વિનંતી</u>

સાદર પ્રણામ

મહાત્મા ગાંધીએ જેમને 'રાષ્ટ્રીય શાયર'નાં ગૌરવભર્યાં બિરુદથી નવાજ્યા હતા તે સમર્થ સાહિત્યકાર, લોકસાહિત્યના સંશોધક, સ્વાતંત્ર્ય-સેનાની તેમ જ સંનિષ્ઠ પત્રકાર ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતી 28 ઓગસ્ટ 2021ના રોજ છે.

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતી વર્ષની સમસ્ત ગુજરાતમાં વિશિષ્ટ ઉજવણી થાય તેવી આપને ભાવભરી નમ્ર વિનંતી છે. આ પ્રેરક આયોજન થકી રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનાં જીવન-કાર્ય-સાહિત્યથી નવી પેઢી પરિચિત-પ્રેરિત થશે તેમજ દેશભક્તિની ભાવના અને જીવન-મૂલ્યોનું સંસ્કાર-સિંચન થશે તેવી અમને શ્રદ્ધા છે.

આ અંગે અમારી લાગણી સાદર રજૂ કરીએ છીએ :

(1) ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનું સવિશેષ મરણોત્તર સન્માન થાય તેવી ભારત સરકારને ભલામણ
કરવા વિનંતી. દેશ આઝાદ થયો તે પહેલા જ 09 માર્ચ 1947ના રોજ 50 વર્ષની વયે અણધારી વિદાય લેનાર ઝવેરચંદ મેઘાણીને
ભારતના લોહ-પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે ત્યારે ભાવભીની અંજલિ આપી હતી : 'સ્વ. ભાઈ ઝવેરચંદ મેઘાણી ભારતના
સ્વતંત્રતા-યુદ્ધના એક અગ્રગણ્ય સૈનિક હતા. એમની વાણીમાં વીરતા ભરેલી હતી. એમના અચાનક ચાલી જવાથી ભારે ખોટ પડી
છે. માત્ર સંતોષની વાત એટલી જ છે કે જે સ્વતંત્રતા માટે તેઓ જિંદગીભર લડ્યા હતા તે અચૂક આવી રહેલી જાણીને ગયા.'
દેશ આઝાદ થયો પછી ભારત સરકાર દ્વારા અગાઉ ક્યારેય ઝવેરચંદ મેઘાણીનું મરણોત્તર સન્માન કરાયું નથી.

30(11)
22/10/2020

(2) ઝવેરચંદ મેઘાણીના વિવિધ ઐતિહાસિક સ્મૃતિ-સ્થળોનો સ્મારક તરીકે વિકસાવીને '<u>મેઘાણી પ્રવાસન સર્કિટ</u>'ની સ્થાપના માટે
વિનંતી. ચોટીલા (જન્મભૂમિ), બોટાદ (કર્મ-નિર્વાણભૂમિ), ધંધુકા (શૌર્યભૂમિ, 28 એપ્રિલ 1930ના રોજ ભરી અદાલતમાં,
ધીરગંભીર અવાજે, સ્વરચિત ગીત 'છેલ્લી પ્રાર્થના' ગાયું ને વિશાળ જનમેદની અને મેજિસ્ટ્રેટ ઇસાણીની આંખ આંસુભીની થઈ
ગઈ), ધોલેરા (શૌર્યભૂમિ, 'સિંધુડો'–ધોલેરા સત્યાગ્રહ), રાજકોટ (બાલ્યાવસ્થાની લીલાભૂમિ, શાળા-શિક્ષણનો પ્રારંભ).

સરકારી કોલેજ, બોટાદ – નિર્માણધીન અંડરપાસ / નિર્માણધીન પોલીસ અધિક્ષકની કચેરી, ધંધુકા – ...ધીન ફ્લાયઓવરનું 'રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી' નામકરણ થાય તેવી લોકલાગણી છે.

ગુજરાતનાં દરેક સરકારી પુસ્તકાલય, જિલ્લા શિક્ષણ અને તાલીમ કેન્દ્ર (DIET) તથા જિલ્લા શિક્ષણાધિકારી (DEO)ની કચેરીમાં 'મેઘાણી-સાહિત્ય' કોર્નરની સ્થાપના માટે વિનંતી.

(5) સમગ્ર 'મેઘાણી-સાહિત્ય'નું પુસ્તક, ઈ-બુક, ઓડીયો-બુક સ્વરૂપે રાહત દરે પ્રકાશન તથા 'મેઘાણી-સાહિત્ય'નું હિન્દી-અંગ્રેજી ભાષામાં અનુવાદ-પ્રકાશન માટે વિનંતી.

(6) ઝવેરચંદ મેઘાણીના જીવન અને કાર્યને નિરૂપતી અધિકૃત ડોક્યુ-ડ્રામા દસ્તાવેજી ફિલ્મનાં નિર્માણ માટે વિનંતી.

(7) કોરાનાની મહામારીની પરિસ્થિતિમાં જનજીવન પુનઃ સામાન્ય અને પૂર્વવત થાય તે બાદ ગુજરાતનાં દરેક મહાનગર અને જિલ્લામાં 'મેઘાણી વંદના' સ્વરાંજલિ કાર્યક્રમ તેમજ પરિસંવાદનાં આયોજન માટે વિનંતી.

(8) શાળા-કોલેજના વિદ્યાર્થીઓ માટે 'મેઘાણી-સાહિત્ય' પર વિવિધ સ્પર્ધાઓના આયોજન માટે વિનંતી.

(9) રાજકોટ સ્થિત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી – ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા પ્રતિ વર્ષ એનાયત થતા 'મેઘાણી-એવોર્ડ' અંગે ફેર-વિચારણા કરીને તેને માત્ર યુનિવર્સિટી-કક્ષા પૂરતા સીમિત રાખવાને બદલે દેશનાં ગૌરવવંતા પુરસ્કાર તરીકે પુનઃ પ્રસ્થાપિત કરવામાં આવે તેવી લોકલાગણી છે. પુરસ્કારના ચયનમાં ઉમેદવારનાં સાહિત્ય-લોકસાહિત્ય-પત્રકારત્વ-રાષ્ટ્રસેવા-સમાજસેવા ક્ષેત્રે પ્રદાનને ખાસ પ્રાધાન્ય આપવામાં આવે તેવી વિનંતી.

ઉપરોક્ત તમામ આયોજનો અમારા ટ્રસ્ટ 'ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન'નાં સંયોજનમાં કરવામાં આવે તેવી આપને નમ્ર વિનંતી છે. આ અંગે કમિટીનું ગઠન અથવા મિટીંગ થાય તો તેમાં અમને પણ શામેલ કરવામાં આવે તેવી વિનંતી. વિવિધ આયોજનો માટે અમારા ટ્રસ્ટ 'ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન'ને વિશેષ આર્થિક સહયોગ/ભંડોળ આપવામાં આવે તેવી નમ્ર વિનંતી છે. અમારો નિ:સ્વાર્થભાવે સંપૂર્ણ સહયોગ-સહકાર રહેશે.

કોરોનાની મહામારીની વિકટ પરિસ્થિતિમાં ધર્મ-સંપ્રદાય-જ્ઞાતિ-પ્રાંતનાં ભેદભાવ વગર ગુજરાતમાં વસતાં તમામ નાગરિકો સુરક્ષિત-સ્વસ્થ-સુખી રહે તે માટે આપ સતત કાર્યરત રહ્યા છો તે માટે વિશ્વભરમાં વસતાં ગુજરાતીઓ આપનું વિશેષ ગૌરવ અનુભવે છે. આપને સાદર વંદન.

આભાર સહ. આપ કુશળ હશો.

પિનાકી મેઘાણીના વંદન

પિનાકી નાનકભાઇ મેઘાણી

[રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર તથા સ્થાપક-મેનેજિંગ ટ્રસ્ટી : ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન]


ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન

પાર્થસારથી એવેન્યુ, 903, કાન્હા, શ્યામલ ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ 380 015

મોબાઈલ 98250 21279 • ઈ-મેઈલ pinakimeghani@gmail.com

ટ્રસ્ટ રજી. નં : E/19991/Ahmodabad, તા. : 05-07-2012

80G(5) રજી. નં : DIT(E)/AHD/80G(5)/JMSS/236/2013-14, તા. : 19-08-2013

લોકગીત કસુંબીનો રંગ – રાજ મનો લોકગીત કસુંબીનો રં.



મહાત્મા ગાંધીએ જેમને 'રાષ્ટ્રીય શાયર'ના ગૌરવપૂર્ણ બિરૂદથી નવાજ્યા હતા તેવા ઝવેરચંદ કાળીદાસ મેઘાણી (28 ઓગસ્ટ 1896, ચોટીલા – 9 માર્ચ 1947, બોટાદ)નું મેધાવી અને બહુમુખી વ્યક્તિત્વ હતું : સાહિત્યકાર, લોકસાહિત્યના સંશોધક, પત્રકાર, સ્વાતંત્ર્ય-સેનાની, સમાજ-સુધારક, વિચારક, વક્તા, ગાયક.

કવિતા, નવલકથા, નવલિકા, નાટક, જીવન-ચરિત્ર, ઈતિહાસ, પ્રવાસ-વર્ણન, લોકસાહિત્ય સંશોધન અને વિવેચન, લોકગીતો, લોકકથાઓ એવા વિવિધ વિષયો પર 25 વર્ષના ટૂંકા ગાળામાં, તેઓએ 100 જેટલાં પુસ્તકો લખ્યાં.

તેઓના વિપુલ સર્જનની વિશેષ ધ્યાન ખેંચતી બાબત છે દેશભક્તિના કસુંબલ રંગે રંગાયેલી ને પીડિતોની વેદનાને વાચા આપતી એમની કવિતા. તેમણે રચેલાં શૌર્ય અને દેશપ્રેમનાં ગીતોની જાદુઈ અસર હેઠળ દેશવાસીઓ જોમ અને જુસ્સાથી સ્વાતંત્ર્ય-સંગ્રામમાં સામેલ થઈ ગયા હતા. ગામેગામ અને ઘેરઘેર આ ગીતો સહુ કોઈના કંઠે ગવાતાં અને ઝીલાતાં હતાં. પ્રભાતફેરીઓ, સભાઓ, સરઘસો દ્વારા આ ગીતોએ ખાસ કરીને નવયુવાનોમાં વ્યાપક નવચેતના ફેલાવી હતી. આ ગીતો ગાંતા ગાતાં સત્યાગ્રહીઓએ લાઠીઓ અને ગોળીઓ ઝીલી હતી, કારાવાસની સજા હસતે મોંએ સ્વીકારી હતી. તેમનાં આ ગીતોથી પ્રચંડ લોકજુવાળ ઊભો થતા બ્રિટીશ સરકાર ગભરાઈ ગઈ હતી. તેઓને કારાવાસની સજા પણ થયેલી.

લોકસાહિત્ય ક્ષેત્રે તેઓએ 'ધૂળ-ધોયા'નું ભગીરથ કામ કર્યું. તેઓએ પગપાળા તેમ જ ઘોડા, ઊંટ, બળદગાડામાં પરિભ્રમણ કરતાં કરતાં ગામડાં અને નેસડા, ડુંગરા અને નદી-નેરાં ખૂંધ્યાં. તે વખતે લગભગ નાશ પામી ચૂકી હતી અને અહીંતહીં છિન્નભિન્ન પડી હતી તેવી લોકસાહિત્યની મહામૂલી મૂડીને એકઠી કરી અને તેને સુવ્યવસ્થિત કરીને લોકો સુધી પહોંચાડી.

જીવનનાં 23-23 વર્ષ સુધી 'સૌરાષ્ટ્ર', 'ફૂલછાબ', 'જન્મભૂમિ' સાથે સંનિષ્ઠ અને નીડર પત્રકાર તરીકે કાર્યરત રહીને પત્રકારત્વના ક્ષેત્રે અનોખી ભાત પાડી.

પોતાના બુલંદ અને ભાવવાહી કંઠે ગીતો લલકારીને સહુને ડોલાવી દેતા.

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી આજે પણ લોકહૈયે જીવંત છે. સાહિત્ય, લોકસાહિત્ય, પત્રકારત્વ તેમ જ આઝાદીની લડતમાં તેમનું અનન્ય અને મહામૂલું પ્રદાન ક્યારેય વિસરાશે નહીં. સદાય અજરામર રહેશે.

પિનાકી નાનકભાઈ મેઘાણી • ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન (મોબાઈલ : 9825021279, ઈ-મેઈલ : pinakimeghani@gm

# રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી

## જન્મસ્થળ : ચોટીલા



માર્ગ અને મકાન વિભાગ હસ્તકનું ઐતિહાસિક જન્મસ્થળ



જન્મસ્થળનો ઓરડો

'હું પહાડનું બાળક છું'

'મારું જન્મસ્થાન છે -- કંકુવરણી પાંચાલ ભોમનું કલેજું ચોટીલા.
ચામુંડી માતાના ચોટીલા ડુંગરની લગભગ તળેટીમાં,
એજન્સી-પોલીસના એ વેળાના અઘોરવાસ લેખાતા થાણામાં, મારો જન્મ થયેલો.
મારા મોટેરા ભાઈઓએ મને એ બચોળિયાની દશામાં છાતીએ તેડી તેડી ડુંગર ફરતા આંટા લેવરાવેલા છે.'

- ઝવેરચંદ મેઘાણી

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનો જન્મ
28 ઑગસ્ટ 1896 (શ્રાવણ વદ પાંચમ : નાગ પંચમી)નાં રોજ ચોટીલાના
એ વેળાના ગામને છેવાડે આવેલા અને અઘોરવાસ લેખાતા પોલીસ-બેડાના ક્વાર્ટરમાં થયેલો.
બ્રિટીશ કાઠિયાવાડ એજન્સી પોલીસમાં ફોજદાર તરીકે ફરજ બજાવતા
પિતા કાળીદાસ મેઘાણી નીડર અને નેક વ્યક્તિ હતા.
પોલીસ-પરિવાર અને પોલીસ-બેડા સાથે મેઘાણીનાં બાળપણનાં અનેક સંસ્મરણો તથા સ્મૃતિઓ જોડાયેલ છે.
ઝવેરચંદ મેઘાણી લાગણીસભર નોંધે છે :
'આ પોલીસ-બેડાની દુનિયા અનોખી છે.
તમે એમાં ભ્રમણ કરી શકશો નહિ. એ માટે તો તમારે એ દુનિયામાં જ જન્મ ધરવો જોઈએ.'

પિનાકી નાનકભાઈ મેઘાણી • ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન (મોબાઈલ : 9825021279, ઈ-મેઈલ : pinakimeghani@gmail.com

# રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી

## કર્મ-નિર્વાણભૂમિ : બોટાદ



બોટાદ ખાતે પોતાના નિવાસસ્થાનની બહાર ઊભેલા ઝવેરચંદ મેઘાણી



લેખન-મગ્ન

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનું નિધન 9 માર્ચ 1947ના રોજ પચાસ વર્ષની વયે બોટાદ ખાતે સાળંગપુર રોડ પર, રેલવે-ફાટક પાસે આવેલા તેમના નિવાસસ્થાનમાં થયેલું.

આ નિવાસસ્થાન તેમણે 1933માં બંધાવેલું.

બોટાદ સાથે તેમના જીવનની અનેક મહત્ત્વની ઘટનાઓ ને સ્મૃતિઓ સંકળાયેલી છે.

અનેક તેમનાં લોકપ્રિય પુસ્તકો અહીં લખાયાં.

રાણપુરથી પ્રકાશિત થતા સાપ્તાહિક અખબાર 'ફૂલછાબ'ના તંત્રી તરીકે કામગીરી બજાવતા મેઘાણી રહેઠાણ બોટાદ અને કાર્યસ્થળ રાણપુર વચ્ચે ટ્રેન દ્વારા નિયમિત આવ-જા કરતા.





અન્યની ખાનગી માલિકીનું એવું આ ઐતિહાસિક મકાન હાલ બંધ હાલતમાં છે.

ઝવેરચંદ મેઘાણીના નિધન પછી વિકટ આર્થિક પરિસ્થિતિને લીધે, દુર્ભાગ્યવશ, આ મકાન ત્યારે વેચાઈ ગયું હતું.

પિનાકી નાનકભાઈ મેઘાણી • ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન (મોબાઈલ : 9825021279, ઈ-મેઈલ : pinakimeghani@gmail.com)

'...ી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે : ખબર છે આટલી કે માતની હાકલ પડી છે'

## રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની 'શૌર્યભૂમિ' : ધંધુકા



'સિંધુડો'


ધંધુકાની અદાલત -- એ પ્રસંગે


ઝવેરચંદ મેઘાણી -- કોર્ટમાં

### છેલ્લી પ્રાર્થના

હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ, કલેજાં ચીરતી કંપાવતી અમ ભયકથાઓ;
મરેલાંનાં રુધિર ને જીવતાંનાં આંસુડાંઓ : સમર્પણ એ સહુ તારે કદમ, પ્યારા પ્રભુ ઓ !

**ધંધુકા અદાલત : 28 એપ્રિલ 1930**

અંગ્રેજ સરકાર સામેના આઝાદીનાં જંગ વેળાએ ધંધુકાની ભરી અદાલતમાં, મૅજિસ્ટ્રેટ ઇસાણીની અનુમતિ મેળવીને, રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ શૌર્યગીતોના પોતાના સંગ્રહ 'સિંધુડો'માંથી 'હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ' ('છેલ્લી પ્રાર્થના') ગીત ધીરગંભીર અવાજે ગાયું ત્યારે ઉપસ્થિત મેદની તથા મૅજિસ્ટ્રેટ સમેત સહુની આંખો આંસુભીની થઈ. મેઘાણીને 2 વર્ષની કેદની સજા ફરમાવાઈ અને સાબરમતી જેલમાં રખાયા. તે વખતની સ્વાતંત્ર્ય-સંગ્રામની લડત પર આ પ્રસંગનો ખાસ્સો પ્રભાવ પડ્યો હતો. તેમના રચિત શૌર્ય અને દેશપ્રેમનાં ગીતોની જાદુઈ અસર હેઠળ દેશવાસીઓ જોમ અને જુસ્સાથી સ્વાતંત્ર્ય-સંગ્રામમાં શામેલ થઈ ગયાં હતાં.

એ સમયે 'ડાક બંગલા' તરીકે ઓળખાતા જિલ્લા પંચાયતના 'રેસ્ટ-હાઉસ'માં વિશેષ અદાલત ઊભી કરાઈ હતી.


જિલ્લા પંચાયતનું 'રેસ્ટ-હાઉસ'


'મેઘાણી ઓટલો'

પિનાકી નાનકભાઈ મેઘાણી • ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન (મોબાઈલ : 9825021279, ઈ-મેઈલ : pinakimeghani@gmail.com

# રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી

## બાલ્યાવસ્થાની લીલાભૂમિ : રાજકોટ





સદર સ્થિત ત્યારની તાલુકા શાળા અને હાલની રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા નં 8
જ્યાંથી 1901માં ઝવેરચંદ મેઘાણીએ શાળાશિક્ષણનો પ્રારંભ કર્યો હતો



આજ પર્યંત સચવાયેલું શાળાનું નોંધણી-પત્રક

**`રાજકોટ મારી બાલ્યાવસ્થાની લીલાભૂમિ છે'**

`રાજકોટ જવું મને જેટલું ગમે છે તેટલું કોઈ ઠેકાણે જવું નથી ગમતું.
આવા આકર્ષણનું સબળ કારણ છે :
રાજકોટ જાણે મારી જન્મભૂમિ હતી; કેમકે રાજકોટ પૂર્વેનું એક પણ સ્મરણ મારી પાસે છે નહિ.
સમજણા જીવનનું પ્રથમ પ્રભાત રાજકોટમાં પડ્યું.
બેથી આઠ વર્ષનો રાજકોટમાં થયેલો. શ્રીફળ લઈને સદરની તાલુકા શાળાએ હું પહેલવહેલો ભણવા બેઠેલો.'
- ઝવેરચંદ મેઘાણી

રાજકોટ સાથે ઝવેરચંદ મેઘાણીના જીવનની અનેક મહત્ત્વની ઘટનાઓ ને સ્મૃતિઓ સંકળાયેલી છે.

સદરમાં આવેલ ત્યારની તાલુકા શાળા અને હાલની રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા નં 8માંથી 1901માં શાળાશિક્ષણનો પ્રારંભ કર્યો.

1938માં યોજાયેલ પાંચમા અખિલ હિંદ ચારણ સંમેલનમાં હાજર રહી ચારણોને પણ મંત્રમુગ્ધ કરતું છટાદાર વક્તવ્ય આપ્યું.

1946માં ગુજરાતી સાહિત્ય પરિષદના રાજકોટ ખાતે મળેલ 16મા અધિવેશનના સાહિત્ય વિભાગના પ્રમુખ તરીકે મનનીય પ્રવચન આપ્યું

પિનાકી નાનકભાઈ મેઘાણી • ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન (મોબાઈલ : 9825021279, ઈ-મેઈલ : pinakimeghani@gmai

## 'મેઘાણી વંદના'

ઝવેરચંદ મેઘાણી રચિત-સંશોધિત-સંપાદિત ગીતો-લોકગીતો-ભજનો પર આધારિત સ્વરાંજલિ કાર્યક્રમો



ઝવેરચંદ મેઘાણીની પુણ્યતિથિ : બોટાદ



મહાત્મા ગાંધી નિર્વાણ દિન : સાબરમતી જેલ - ગાંધી યાર્ડ



શહીદ ભગતસિંહ વંદના : સુદામડા, જિલ્લો સુરેન્દ્રનગર (વાલ્મીકિ સમાજના વીર કાનિયો ઝાંપડાની શૌર્યભૂમિ)



નવરાત્રી દરમિયાન શાળાનાં વિદ્યાર્થીઓ માટે રાસ-ગરબા : રાજકોટ

## 'મેઘાણી-સાહિત્ય' કોર્નર

ઝવેરચંદ મેઘાણીના સ્મૃતિ-સ્થળો, ગ્રંથાલય, શાળા-કોલેજ અને પોલીસ-સ્ટેશનમાં 45 જેટલાં 'મેઘાણી-સાહિત્ય' કોર્નરની સ્થા... રાવતા 6x3x1 ફૂટનાં આકર્ષક કાચનાં કબાટમાં ઝવેરચંદ મેઘાણી લિખિત પુસ્તકો રાખવામાં આવે છે જે સ્થળ પર બેસીને વાંચી શકા... ાટે



અમદાવાદ (મહિલા પોલીસ સ્ટેશન)



રાજકોટ (પોલીસ હેડ-ક્વાર્ટર)



વડોદરા (પોલીસ કમિશ્નરની કચેરી)



ભરૂચ (પોલીસ અધિક્ષકની કચેરી)



બોટાદ (સ્માર્ટ પોલીસ સ્ટેશન)



રાણપુર (પોલીસ સ્ટેશન)



સુરેન્દ્રનગર (જવાહરલાલ નહેરુ સાર્વજનિક પુસ્તકાલય)



જૂનાગઢ (પોલીસ અધિક્ષકની કચેરી)

## ઝવેરચંદ મેઘાણીના ઐતિહાસિક સ્મૃતિ-સ્થળ ખાતે રેખાચિત્ર, હસ્તાક્ષર અને ઈતિહાસ સાથેની આકર્ષક તકતી



2019 : ઐતિહાસિક સાબરમતીની જેલની ખોલી જ્યાં આઝાદીની લડત વખતે ઝવેરચંદ મેઘાણીને રખાયા હતા



2019 : વડોદરા (પ્રતાપનગર પોલીસ હેડ-ક્વાર્ટર)



2018 : રાજકોટ (પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન)



2016 : ચોટીલા (ઝવેરચંદ મેઘાણી પોલીસ સ્ટેશન)



[illegible] : બોટાદ [illegible] પોલીસ સ્ટેશન)



2018 : રાણપુર (પોલીસ સ્ટેશન)





જન્મભૂમિ, ચોટીલા



કર્મભૂમિ : રાણપુર



કર્મ-નિર્વાણભૂમિ : બોટાદ



# મેઘાણી @ 125



## રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતી વર્ષની ઉજવણી

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના જીવન-કાર્ય-સાહિત્યથી નવી પેઢી પરિચિત-પ્રેરિત થાય
તેમજ દેશભક્તિની ભાવના અને જીવન-મૂલ્યોનું સંસ્કાર-સિંચન થાય તે આશયથી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન :

ઝવેરચંદ મેઘાણીના વિવિધ ઐતિહાસિક સ્મૃતિ-સ્થળોનો સ્મારક તરીકે વિકાસ.
ચોટીલા (જન્મભૂમિ), બોટાદ (કર્મ-નિર્વાણભૂમિ), રાણપુર (કર્મભૂમિ), ધંધુકા ( શૌર્યભૂમિ, 28 એપ્રિલ 1930નાં રોજ ભરી અદાલતમાં, ધીરગંભીર અવાજે, સ્વરચિત ગીત 'છેલ્લી પ્રાર્થના' ગાયું ને વિશાળ જનમેદની અને મેજિસ્ટ્રેટ ઇસાણીની આંખ આંસુભીની થઈ ગઈ), ધોલેરા (શૌર્યભૂમિ, 'સિંધુડો'–ધોલેરા સત્યાગ્રહ), રાજકોટ (બાલ્યાવસ્થાની લીલાભૂમિ, શાળા-શિક્ષણનો પ્રારંભ), અમરેલી (હાઈસ્કૂલ અભ્યાસ), ભાવનગર - જૂનાગઢ (કોલેજ અભ્યાસ), બગસરા (વડવાઓનું વતન).

ઝવેરચંદ મેઘાણી રચિત-સંશોધિત-સંપાદિત ગીતો-લોકગીતો-ભજનો પર આધારિત
'મેઘાણી વંદના' સ્વરાંજલિ કાર્યક્રમોનું આયોજન તેમજ ઓડીયો-વિડીયો-મલ્ટીમિડીયાનું નિર્માણ.

મેઘાણી-સાહિત્યનું વિવિધ ભાષાઓમાં પુસ્તક/ઈ-બુક/ઓડીયો-બુક સ્વરૂપે પ્રકાશન.

'મેઘાણી-સાહિત્ય' કોર્નર તથા 'મેઘાણી-તક્તી'ની સ્થાપના.

ઝવેરચંદ મેઘાણીના જીવન-કાર્યને નિરૂપતી અધિકૃત ડોક્યુ-ડ્રામા ફિલ્મ અને નાટકનું નિર્માણ.

મેઘાણી-સાહિત્ય પર આધારિત વિવિધ સેમિનાર–શિબિર–સ્પર્ધાનું આયોજન.

ગુજરાતનાં ગૌરવવંતા સાહિત્ય-સંગીત-કલા-લલિતકલા તેમજ ખાદી-ગ્રામોદ્યોગની મહામૂલી વિરાસતનું જતન અને પ્રચાર-પ્રસાર.

સેવા-યજ્ઞનું આયોજન.
વંચિત-જરૂરિયાતમંદ પરિવારોને અનાજ અને અન્ય જીવન-ઉપયોગી સામગ્રીની કીટ વિતરણ, મેડીકલ કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ.

પરિકલ્પના–સંયોજન


**પિનાકી નાનકભાઈ મેઘાણી**

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર

સ્થાપક–મેનેજિંગ ટ્રસ્ટી : ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન

પાર્થસારથી એવેન્યુ, 903,કાન્હા, શ્યામલ ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ : 380 015

મોબાઈલ : 98250 21279 • ઈ-મેઈલ : pinakimeghani@gmail.com



ટ્રસ્ટ રજી. નં : E/19991/Ahmedabad, તા. : 05-07-2012

80G(5) રજી. નં : DIT(E)/AHD/80G(5)/JMSS/236/2013-14, તા. : 19-08-2013

Bank Account Details

JHAVERCHAND MEGHANI SMRUTI SANSTHAN

IFSC : UBIN0542237